શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૮
ઓગષ્ટ : ૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર અમદાવાદ
સુવર્ણ જયંતી મહોત્સવ
1976 - 2026
17 to 22 December 2026

જા કે પ્રવાહ મધ્ય પ્રભુ બેઠત, ચઢત હે શિર પર નીર;
મનહું શેષ ફણી જુત શ્રીવિષ્ણુ, યું સોહત બલવીર....

શ્રી રાધારમણ દેવ રાજોપચાર પૂજન પ્રસંગે ઉપસ્થિત સંતો-ભક્તો તથા આગામી ડિસેમ્બર માસમાં અમદાવાદ ગુરુકુલ ખાતે યોજનાર ૨૧ દિવસના શ્રી મહાવિષ્ણુયાગ નિમિત્તે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે જે જગ્યાએ યજ્ઞ કરેલો એ જગ્યાએથી મૃત્તિકા ગ્રહણ

શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતો દ્વારા
સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે ધ્વજ વંદન સમારોહ, SGVP

જૂઈ મેળા પ્રસંગે ઉપસ્થિત ગુજરાતની નામાંકિત
કવિત્રીઓ તથા ઋષિકુમારો, SGVP

સંસ્કૃતિ સંવર્ધન સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ગુજરાતી ભાષાના નામાંકિત સાહિત્યકારો , SGVP

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, ઓગષ્ટ : ૨૦૨૫, અંક : ૦૮

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

વૈષ્ણવ જન ઉર વાસ અમારો...

વૈષ્ણવ જન ઉર વાસ અમારો,
ભૂતલ ભુવન એ મારું રે,
સંત ધરમની રક્ષા સારુ,
જુગ જુગ જનમ હું ધારું રે. વૈ. ૧

સંત સભા મધ્ય રહું સુખદાયક,
નિરગુણ ધામ પ્રમાણી રે,
અડસઠ તીરથ વંદવા આવત,
મરમ અલૌકિક જાણી રે. વૈ. ૨

ભાવે ભોજન પાન કરાવત,
સંત ને શુભ નરનારી રે,
ગ્રાસે ગ્રાસે કોટિ જગન ફલ,
લેજો વાત વિચારી રે. વૈ. ૩

જીવન મુકત જથારથ જાણો,
પ્રાણ થકી ઘણું પ્યારા રે,
દેવાનંદનો નાથ કહે તેને,
નિમખ ન મેલું હું ન્યારા રે. વૈ. ૪

અનુક્રમણિકા

૧. ૨૧મી સદીનું વિજ્ઞાન અને પુરાણ	૦૪
૨. જીવન અને ધર્મ	૦૭
૩. પ્રશ્નનો ઉત્તર	૧૨
૪. સત્સંગ કિવઝ - ૫	૧૫
૫. સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

૨૧મી સદીનું વિજ્ઞાન અને પુરાણ

- સ્વામી માધવપ્રિયદાસ

૨૧મી સદીએ પુરાણોનો મહિમા વધારી દીધો છે.

ઉદાહરણ તરીકે એક વાત કહું કે, માણસ ઊડી ન શકે તે વાત આજે ભ્રમણા થઈ ચૂકી છે. પંખી ઊડી શકે તો માણસ કેમ ન ઊડી શકે ? રામાયણમાં હનુમાનજી મહારાજ આકાશમાં ઊડે છે કે નથી ઊડતા ?

લંડનના કોઈ યુવાને મને એક વાર પૂછ્યું, 'હનુમાનજી મહારાજ કેમ ઊડી શકે ? મેં એને એની ભાષામાં જવાબ આપ્યો, ''હનુમાનજીના શરીરમાં ઊડી શકાય એવી 'ડિવાઇસ' હતી.''

આજના યુવાનો 'ડિવાઈસ' શું છે ? તે સમજે છે એટલે એની સાથે એ ભાષામાં વાત વાત કરવી જરુરી છે.

હનુમાનજી મહારાજને આકાશમાં ઊડતા કરનાર 'ડિવાઈસ' કઈ હતી ? તો હનુમાન ચાલીસામાં મહાત્મા તુલસીદાસજી કહે છે,

'પ્રભુમુદ્રિકા મેલી મુખમાંહી જલધિ લાંઘી ગયે અચરજ નાહીં.'

હનુમાનજી મહારાજ વાયુપુત્ર છે. એમનામાં પ્રાણશક્તિ અને પરમાત્મશક્તિનો અનોખો સંગમ છે. આ બન્ને શક્તિનો સંગમ હનુમાનજી મહારાજને અવનીથી આકાશમાં ઊડતા કરે છે.

રામાયણની કથામાં ભૌતિક તેમજ આધ્યાત્મિક બન્ને પ્રકારની સિદ્ધિઓનું અનોખું વર્ણન છે.

અમેરિકાની કેટલીક 'સાયન્સ ફિક્શનો મને સૌથી આકર્ષે છે. એનાં નામ છે, 'સ્ટાર ટ્રેક' અને 'સ્ટાર વોર્સ'. આ બે વિજ્ઞાન કથાઓ કલ્પનાવિહાર હોવા છતાં હકીકત લાગે.

'સ્ટાર ટ્રેક' અને 'સ્ટાર વોર્સ'ની કલ્પનાઓ વિજ્ઞાન પર આધારિત છે.

વિદેશોની ધરતી ઉપર સાયન્સ ફિક્શનની હજારો નવલકથાો મળે છે, પરંતુ સ્ટાર ટ્રેક અને સ્ટાર વોર્સની તોલે એક પણ ન આવે, કારણ કે બીજી વિજ્ઞાન કથાઓ કથાઓ જ રહે છે જ્યારે આશ્ચર્ય એ છે કે આ વિજ્ઞાન કથાઓની મોટા ભાગની કલ્પનાઓ અમુક વર્ષો બાદ વાસ્તવિકતાના રૂપ ધરે છે. વિજ્ઞાન પણ કોઈને કોઈ 'હાઈપોથીસીસ' અર્થાત્ કલ્પનાને આધારે જ ઉડાન ભરતું હોય છે અને આવી ઉડાન ભરવા માટે આ બન્ને નવલકથાઓ ગજબના લોંચીંગ પેડ જેવી છે.

ઘણીવાર એવું પણ બને કે સ્થળ અને સમયની એક ભૂમિકાએથી આપણને જે કલ્પના લાગે તે જ બાબત બીજી ભૂમિકાઓથી જોતાં સત્ય લાગે. પુરાણોનું પણ આવું જ છે.

પુરાણોમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જ્યોતિષ અને ગણિત વિજ્ઞાન, ખગોળ અને ભૂગોળ વિજ્ઞાન, કૃષિ અને ભાષા વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, મનોવિજ્ઞાન, વિમાનશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર વગેરે વિજ્ઞાનની વિવિધ શાખાઓના મૂળ અને વિકાસ શોધી શકાય છે. ઉપરાંત પુરાણો સંગીત, નૃત્ય વગેરે વિવિધ કલાઓના ભંડાર છે. સમાજ વિજ્ઞાનની બાબતમાં પુરાણો અજોડ છે.

પુરાણની યાત્રા વિષે એક બીજી વાત કરું તો આપણા ભારતીઓ ઉપર પુરાણો છવાઈ ગયેલાં છે. તમને ખબર હોય કે ન હોય પણ તમે સવારમાં ઊઠો છો, સ્નાન કરો છો, સેવા-પૂજા કરો છો, ઘરનાં કામ કરો છો, બહારનાં કામ કરો છો, ફરવા જાઓ છો, સાંજે પાછા ઘરે આવો છો અને રાત્રે સૂવો છો. આ સવારથી સાંજ સુધી પ્રત્યેક ક્રિયામાં તેમજ જન્મથી માંડીને મરણ સુધીની બધી ક્રિયામાં આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ, સર્વત્ર પુરાણોનો પ્રભાવ પથરાયેલો છે.

ભારતીય સંસ્કૃતિને સમજવી હોય તેણે પુરાણો સમજવાં આવશ્યક છે. જે પુરાણો નહીં સમજે ભારતીય સંસ્કૃતિને ખરા અર્થમાં નહીં સમજી શકે.

પુરાણો એટલે દાર્શનિક વિચારધારાઓનો સંગમ

ચિંતન-મનનની દૃષ્ટિએ વિચારીએ તો ભારતનું સમસ્ત દાર્શનિક સાહિત્ય પછી તે દ્વૈતવાદ હોય, અદ્વૈતવાદ હોય, દ્વૈતાદ્વૈતવાદ હોય, અચિંત્ય દ્વૈતાદ્વૈતવાદ હોય, શુદ્ધાદ્વૈત હોય કે વિશિષ્ટાદ્વૈત હોય. આ બધી જ દાર્શનિક વિચારધારાઓનાં મૂળ ઉપનિષદોમાં છે અને એનો વિસ્તાર પુરાણોમાં છે.

ન કેવળ આસ્તિક વિચારધારાઓ ! ચાર્વાક દર્શન જેવી નાસ્તિક વિચારધારાઓની વાત પણ પુરાણોમાં છે. ઋષિઓનાં દર્શનોની સાથોસાથ જૈન અને બૌદ્ધ દર્શનનાં બીજ પણ પુરાણોમાં છે.

મનુષ્ય વિચારોથી જીવે છે, કોઈ પણ સમાજ વિચારધારાથી રહિત હોતો જ નથી. વ્યક્તિ અને સમાજના રીતિ-રિવાજો કે વિધિ-વિધાનોમાં માનવીની વિચારધારા પ્રતિબિંબીત થતી હોય છે.

ઈસાઈઓના આચારોમાં બાઈબલનું પ્રતિબિંબ મળશે.

મુસલમાનોના આચારોમાં કુરાન છવાયેલું હશે. ભક્તિદર્શનમાં શ્રદ્ધા હશે એને 'સિયા રામ મય સબ જગ જાની, કરહું પ્રણામ જોરી જુગ પાની.' એ ન્યાયે હર જગહ હરિદર્શન થતાં હશે. વેદાંતીઓની ક્રિયામાં 'બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા'નો ભાવ છલકાતો હશે.

આપણાં દર્શન-મનન-ચિંતન આપણી ક્રિયામાં પ્રતિબિંબિત થયા સિવાય રહેતા નથી.

દરિયામાં નદીઓ સમાય એમ પુરાણોમાં સર્વ દર્શન સમાયા છે અને એ જ વિચારધારાઓની ઉર્વરક ભૂમિકામાંથી ભારતીયોના આચારો ઉદ્ભવે છે.

પુરાણો અને શિલ્પ સ્થાપત્ય

ભારતીય પ્રાચીન શૈલીથી જે મકાનો, મંદિરો કે સ્થાપત્યનાં સર્જન થાય છે એ પ્રત્યેક સર્જનમાં પુરાણો છવાયાં છે.

દુનિયાને ભારતે આપેલા શ્રેષ્ઠ સ્થાપત્યો, મંદરો, મહાલયોના એક એક પથ્થર પુરાણોનાં માર્ગદર્શન પ્રમાણે મૂકાયા છે. પરંતુ પુરાણોની યાત્રાનું અસલ રહસ્ય તો કંઈક જૂદું જ છે. પુરાણો ઊંચે આકાશમાં વસતા દેવને માનવના મકાનો અને મંદિરોમાં પ્રતિષ્ઠિત કરે છે અને પૃથ્વી પરના માનવને ઊંચે આકાશમાં વસતા દેવત્ત્વને પામવાની પાંખો આપે છે.

પુરાણો જળમાં, સ્થલમાં, વૃક્ષોમાં દેવત્ત્વનાં દર્શન કરાવે છે. ''ધરતીના માનવને દેવ સુધી લઈ જાય અને દેવને ધરતી ઉપર ઊતારે.'' આ છે પુરાણોની અદ્ભુત યાત્રા.

ભારતનું નાનકડું ઘર, ભલે ગાર-માટીનું હોય, પણ તેમાં દેવત્વની સ્થાપના થશે ! ગામ કે નગરમાં મંદિર હશે તો તેની આઠેય દિશાઓમાં આઠેય દેવતાઓનાં સ્થાપન હશે, જાતજાતના દેવતાઓ હશે.

મકાનો અને મંદિરોનાં નિર્માણની જેમ પુરાણો વાહનોનાં નિર્માણની પણ આગવી દૃષ્ટિ આપે છે. એક નાનકડો રથ કે ગાડાના નિર્માણમાં પણ પુરાણો દેવતાઈ સૃષ્ટિનો સંબંધ જોડે છે.

ધોંસરી ઉપરનો દેવ જૂદો, ઊંધ ઉપરનો દેવ જૂદો, ધરી ઉપરનો દેવ જૂદો.

ભૌતિકને અભૌતિક સાથે અને અભૌતિકને ભૌતિક સાથે જોડવાની પુરાણોની કરામત અનોખી છે.

પુરાણો અને વિમાનશાસ્ત્ર

પુરાણોમાં ધરતી પર ફરતા રથ કે ગાડાનાં નિર્માણની જ વાત નથી. પુરાણોમાં દેવી-દેવતાઓ અને દાનવોના આપણી કલ્પનામાં પણ ન આવે એવા, આશ્ચર્યકારક, ઉત્કૃષ્ટ વિમાનોનાં રોચક વર્ણનો ભરપૂર આલેખાયેલાં છે. ભાગવતજીના પંચમ સ્કંધમાં કહે છે,

।। सः तत्र तत्र गगनतल उडुपतिरिव विमानावलिभिरनुपथममरपरिवृढैरभिपूज्यमानः ।।

મહારાજ પ્રિયવ્રતને મળવા માટે બ્રહ્માજી આકાશમાર્ગેથી અવની ઉપર અવતરી રહ્યા છે ત્યારે વિશિષ્ટ અતિથિના આગમન સમયે માર્ગમાં મનુષ્યો સ્વાગત કરે, એ જ રીતે વિમાનોની હારમાળામાં વિરાજમાન દેવતાઓ ચંદ્ર સમાન શોભતા બ્રહ્માજીનું પૂજન કરી રહ્યા છે.

એક સમયે વિમાનોની વાતો દંતકથામાં ખપતી, પરંતુ સદ્ભાગ્યે આજે એવું નથી.

એક સમયે રાવણનાં પુષ્પક વિમાનની વાત સાંભળી લોકોને આશ્ચર્ય થતું અથવા તો કલ્પના માની વાતને હસી કાઢતા, આજે આપણને પુષ્પક વિમાનની નવાઈ નથી.

અરે, વાલ્મિકી રામાયણના સર્ગ ૮ અને ૯માં પુષ્પકનું જે વર્ણન છે તે જોતાં કદાચ હજુ એવું વિમાન એકવીસમી સદીનો માનવ બનાવી પણ શક્યો નથી.

પુરાણોમાં એક-એકથી ચઢિયાતા અને મન સાથે ગતિ કરે તેવાં યાનોના વર્ણન છે. યાનોની રચનામાં સુવર્ણ, રજત વગેરે વિવિધ ધાતુઓના મિશ્રણના ઉપયોગની કથાઓ છે. રામાયણનું પુષ્પક વિમાન અને ત્રિપુરાસુરે બનાવેલા ત્રણ અવકાશ નગરોનું વર્ણન સ્ટરવોર્સની એન્ટરપ્રાઈઝને ભૂલવી દે એવા છે.

જીવન અને ધર્મ

- ભાણદેવજી

૧. પ્રસ્તાવના :

વર્તમાન યુગ વિજ્ઞાનયુગ છે. તદ્નુસાર આપણાં જીવનનાં સર્વ ક્ષેત્રોમાં વિજ્ઞાન, વૈજ્ઞાનિક પદ્ધતિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પ્રવેશી રહ્યા છે અને વ્યાપી રહ્યા છે.

તદ્નુસાર આપણી સમક્ષ એક પડકાર ઊભો થયો છે: "શું અધ્યાત્મ પણ વૈજ્ઞાનિક બની શકે ? શું અધ્યાત્મ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને અભિગમ સ્વીકારી શકે ? શું અધ્યાત્મ પણ વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરી શકે ?"

ઉત્તર છે : હા, અધ્યાત્મ પણ વિજ્ઞાન બની શકે. એટલું જ નહીં, પરંતુ અધ્યાત્મે પણ વિજ્ઞાન બનવું જ પડશે, કારણ કે આ યુગની માગણી છે, યુગનો પડકાર છે.

અધ્યાત્મ વિજ્ઞાન બને તે માટે તેણે શું કરવું જોઈએ ?

વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરવા માટે અધ્યાત્મ ચાર તત્ત્વોનો સ્વીકાર કરે તે આવશ્યક છે :

(૧) વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ
(૨) વૈજ્ઞાનિક અભિગમ
(૩) વૈજ્ઞાનિક સ્વરૂપ
(૪) વૈજ્ઞાનિક પદ્ધતિ

અહીં આપણે અધ્યાત્મના એક વિજ્ઞાનની રચના કરવાનો નમ્ર, પરંતુ વિરલ પ્રયત્ન કરીએ છીએ.

વિજ્ઞાન આધ્યાત્મિક બને અને અધ્યાત્મ વૈજ્ઞાનિક બને તે વર્તમાન યુગની અપેક્ષા છે. ચાલો, આપણે આ અપેક્ષા પૂરી કરવાનો પ્રયત્ન કરીએ.

૨. જીવનમાં ધર્મ :

ભગવાન ઈસુનું વચન છે :

"Man cannot live by bread alone."

"માનવી માત્ર રોટીથી જીવી શકે નહીં."

અહીં રોટીનો અર્થ ભૌતિક આવશ્યકતાઓ એમ સમજવો જોઈએ.

અન્ન, વસ્ત્ર, નિવાસ, ચિકિત્સા, સલામતી, આનંદપ્રમોદનાં સાધનો આદિ માનવીની બધી જ ભૌતિક આવશ્યકતાઓ પરિપૂર્ણ થાય તો પણ માનવી માનવી તરીકે કૃતાર્થ કે ધન્ય બની શકે નહીં. માનવીને માનવી તરીકે આ બધાથી અતિરિક્ત, અધિક કાંઈક જોઈએ છે અને અતિરિક્ત કે અધિક કાંઈક મળે તો અને તો જ માનવી યથાર્થ માનવી બની શકે ! શું છે આ અધિક ? આ અધિક છે ધર્મ !

માનવી યથાર્થ માનવી બને તે માટે તેના જીવનમાં કોઈ ને કોઈ સ્વરૂપે ધર્મનું સ્થાન અનિવાર્ય છે. અન્ન આદિ ભૌતિક આવશ્યકતાઓ તો પશુને પણ મળી જાય છે. ધર્મ એક એવું તત્ત્વ છે, જે માનવીને પશુથી અલગ, પશુથી અધિક અને પશુથી અતિરિક્ત બનાવે છે.

માનવજીવનના આ વિશિષ્ટ સ્વરૂપને સમજીને જ મહારાજ ભર્તુહરિએ કહ્યું છે :

આહારનિદ્રાભયમૈથુનં ચ
સામાન્યમેતદ્ પશુભિ: નરાણામ્ ।
ધર્મો હિ તેષામધિકો વિશેષત:
ધર્મેણ હીના: પશુભિ: સમાના: ॥

"આહાર, નિદ્રા, ભય અને મૈથુન - આ સર્વ તો માનવોમાં અને પશુઓમાં સામાન્ય છે. માનવીમાં પશુઓની તુલનાએ ધર્મ અધિક અને વિશેષ છે. ધર્મ વિનાના માનવો પશુઓ સમાન છે."

'મહાભારત' જેવા અતિ મહાન ગ્રંથની રચના કરીને ગ્રંથને અંતે જાણે નિચોડ આપતા હોય તેમ ભગવાન વ્યાસ કહે છે :

ઉર્ધ્વબાહુર્વિરૌમ્યેષ ન ચ કશ્ચિચ્છૃણોતિ મે ।
ધર્માર્થશ્ચ કામશ્ચ સ કિમર્થ ન સેવ્યતે ॥

– મહાભારત: સ્વર્ગારોહણપર્વ: ૫-૬૨

"હું બન્ને હાથ ઊંચા કરીને પોકારી-પોકારીને કહું છું, પરંતુ મારી વાત કોઈ સાંભળતું નથી. ધર્મથી મોક્ષ તો સિદ્ધ થાય જ છે, ધર્મથી અર્થ અને કામ પણ સિદ્ધ થાય જ છે, તો પણ લોકો તે ધર્મનું સેવન કેમ નથી કરતા ?"

વળી ભગવાન વ્યાસ કહે છે :

ન જાતુ કામન્ન ભયાન્ન લોભાદ્ ।
ધર્મં ત્યજેજ્જીવિતસ્યાપિ હિતે: ॥
નિત્યો ધર્મ: સુખદુ:ખે ત્વનિત્યે ।
જીવો નિત્યો હેતુરસ્ય ત્વનિત્ય ॥

– મહાભારત: સ્વર્ગારોહણપર્વ : ૫-૬૩

"કામનાથી, ભયથી, લોભથી કે જીવ બચાવવા માટે પણ ધર્મનો ત્યાગ ન કરવો. ધર્મ નિત્ય છે, સુખ-દુઃખ અનિત્ય છે. તે જ રીતે જીવાત્મા નિત્ય છે અને તેના બંધનનાં કારણ અનિત્ય છે."

આ 'મહાભારત'નો સારભૂત ઉપદેશ છે અને આ સારભૂત ઉપદેશને 'ભારત-સાવિત્રી'માં ભગવાન વ્યાસ ધર્મનો અપાર મહિમા ગાય છે.

આમ, ભગવાન વ્યાસનું આ મહાભારતાંતર્ગત શબ્દો દ્વારા ફલિત થાય છે કે ધર્મ માનવજીવનનું કેન્દ્રસ્થ અને અનિવાર્ય તત્ત્વ છે.

ધર્મના મહિમાનું ગાન કરતું બીજું પણ એક મૂલ્યવાન વિધાન છે :

धर्मो रक्षति रक्षितः ।

"રક્ષાયેલો ધર્મ માનવીની રક્ષા કરે છે."

જો આપણે ધર્મની રક્ષા કરીએ તો ધર્મ આપણી રક્ષા કરે છે.

રક્ષાયેલો એટલે શું ? આપણે ધર્મની રક્ષા કરીએ એટલે શું ? કેવી રીતે ? ધર્મની રક્ષાનો અર્થ છે જીવનમાં ધર્મનું પાલન કરવું. ધર્મની રક્ષા તલવાર-બંદૂક દ્વારા નથી થતી. ધર્મની રક્ષા જીવનમાં ધર્મના આચરણ દ્વારા અર્થાત્ ધર્મપાલન દ્વારા થાય છે. જો આપણે આ રીતે જીવનમાં ધર્મનું આચરણ કરીએ તો આવો રક્ષાયેલો ધર્મ ધર્મનિષ્ઠ વ્યક્તિનું રક્ષણ કરે છે. ધર્મ માનવીને માનવી તરીકે બચાવી લે છે. આચરિત ધર્મ આચારવા માટે ત્રાતા બને છે.

આમ, માનવી ધર્મની રક્ષા કરે છે અને તદ્નુસાર ધર્મ માનવીની રક્ષા કરે છે.

માનવજીવનમાં ધર્મનો આવો અપ્રતિમ મહિમા છે.

3. ધર્મનું સ્વરૂપ :

ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે અપાય છે :

धारयति इति धर्मः ।

"જે ધારણ કરી રાખે છે ધર્મ છે."

વળી આમ પણ કહેલ છે :

धारणात् धर्म इति आहुः ।

"ધારણ કરે છે તેથી તે ધર્મ કહેવાય છે."

આમ, અહીં ધર્મ એટલે ધારણ કરનાર એમ કહેલ છે.

હવે આપણે આ બન્ને વ્યાખ્યાનો અર્થ સમજીએ.

પ્રત્યેક પદાર્થને પોતાનો મૂળભૂત ગુણધર્મ હોય છે. દૃષ્ટાંત : ઉષ્ણતા અને દાહકતા - આ અગ્નિના ગુણધર્મો અર્થાત્ ધર્મ છે. ઉષ્ણતા અને દાહકતા ન હોય તો તેને અગ્નિ ગણી જ ન શકાય. આ ગુણધર્મો વિના અગ્નિ અગ્નિ મટી જાય છે. આનો અર્થ એમ કે આ ગુણધર્મો અગ્નિને અગ્નિ તરીકે ધારણ કરી રાખે છે. આ ઉષ્ણતા અને દાહકતા અગ્નિના ધર્મ છે અને તેથી ધારણ કરનાર છે. પદાર્થને પદાર્થ તરીકે ધારણ કરી રાખનાર મૂળભૂત ગુણધર્મને આપણે પદાર્થનો ધર્મ કહીએ છીએ.

તે જ રીતે માનવીને માનવી બનાવનાર, માનવીને માનવી તરીકે ધારણ કરી રાખનાર માનવીના મૂળભૂત ગુણધર્મને આપણે 'ધર્મ' કહીએ છીએ. ધર્મ થકી માનવી માનવી છે, તેથી તે માનવીનો ધર્મ ધારણ કરનાર છે તેમ સમજવું જોઈએ.

માનવજીવનમાં ધર્મનું સ્વરૂપ ઘણું વ્યાપક છે. આપણે ધર્મનાં ભિન્નભિન્ન પાસાંને સમજીને ધર્મના વ્યાપક સ્વરૂપને સમજી શકીએ.

ધર્મનાં ચાર પાસાં છે :

(૧) કર્મકાંડ : કર્મકાંડ ધર્મનું અને અધ્યાત્મનું પ્રથમ સોપાન છે. આ ધર્મનું ક્રિયાત્મક પાસું છે, તેથી જ 'કર્મકાંડ' કહેવાય છે. યજ્ઞ, પૂજા, પાઠ, કથા, અનેકવિધ ધાર્મિક વિધિઓ - આ સર્વ ધર્મનું ક્રિયાત્મક પાસું અર્થાત્ કર્મકાંડ છે.

પ્રત્યેક ધર્મમાં કોઈને કોઈ સ્વરૂપે આ કર્મકાંડ હોય જ છે.

કર્મકાંડના પર્યાપ્ત પરિશીલન દ્વારા સાધક વધારે

ઉન્નત સોપાનો તરફ અગ્રેસર થઈ શકે નહીં, તેથી સાધકે કર્મકાંડની અવગણના કે ઉપેક્ષા ન કરવી, પરંતુ તેનો વિવેકપૂર્વક જીવનમાં વિનિયોગ કરવો જોઈએ.

(૨) નૈતિક પાસું : વ્યક્તિના જીવનની શુદ્ધિ માટે અને સામાજિક સુવ્યવસ્થા અને સંવાદિતા માટે નૈતિક ધોરણોનું પાલન અનિવાર્ય છે.

વ્યક્તિ સમાજમાં જીવે છે. તદ્નુસાર જીવનમાં શું કરવું અને શું ન કરવું તેના વિચાર અને આચારનો પ્રશ્ન ઉપસ્થિત થશે જ. એટલું જ નહીં, પરંતુ જીવનનાં ઉર્ધ્વારોહણ માટે વ્યક્તિની જીવનશૈલી કેવી હોવી જોઈએ તેના વિચાર અને આચારનો પ્રશ્ન ઉપસ્થિત થશે જ. આ વિચારણામાંથી એક શાસ્ત્રનું નિર્માણ થયું છે. તે શાસ્ત્ર છે નીતિશાસ્ત્ર. આ નીતિશાસ્ત્ર ધર્મનું દ્વિતીય પાસું જ છે.

પ્રત્યેક ધર્મમાં ધર્મના ભાગરૂપે આ નૈતિક ધોરણોનો વિચાર થયો જ છે.

'યોગશાસ્ત્ર'માં તેને યમ (સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ) અને નિયમ (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન) કહેલ છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા', 'શ્રીમદ્ ભાગવત', 'રામચરિતમાનસ', 'સ્મૃતિગ્રંથો' આદિ ધર્મગ્રંથોમાં ધર્મના આ નૈતિક પાસાનો વિગતવાર વિચાર થયો છે. જૈન ધર્મમાં પણ મહાવ્રતો, અણુવ્રતોનો વિચાર થયો જ છે. આ ધર્મનું નૈતિક પાસું છે. બૌદ્ધ ધર્મમાં પણ આ વ્રતોનોવિચાર થયો જ છે. વિશ્વના પ્રત્યેક ધર્મમાં નૈતિક પાસાને ધર્મના અનિવાર્ય ભાગ તરીકે સ્થાન મળેલ છે.

ખોટું ન બોલવું, કોઈનું નુકસાન ન કરવું, છેતરપિંડી ન કરવી, વ્યભિચાર ન કરવો - આ અને આવા અનેક નૈતિક આદેશોનો સ્વીકાર સર્વ ધર્મોમાં અને સર્વ સમાજમાં છે જ. આ છે ધર્મનું નૈતિક પાસું.

આ નૈતિક જીવનપદ્ધતિથી પ્રધાનતઃ બે હેતુ સિદ્ધ થાય છે :

(૧) વ્યક્તિના જીવનની શુદ્ધિ : આ શુદ્ધિ આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક જ નહીં, પરંતુ અનિવાર્ય છે.

(૨) સામાજિક સુખાકારી : જે સમાજની વ્યક્તિઓ નીતિમત્તાની ઉપેક્ષા કરે અને ઉચ્છૃંખલ બની જાય તે સમાજ ટકી ન શકે અને તે સમાજની સુખાકારી ખંડિત થઈ જ જાય છે.

(૩) તત્ત્વજ્ઞાન : પ્રત્યેક ધર્મને પોતાનું તત્ત્વજ્ઞાન હોય જ છે. બૌદ્ધદર્શન છે, જૈનદર્શન પણ છે અને હિન્દુ ધર્મનાં તો અનેક અને અનેકવિધ દર્શનો છે.

તત્ત્વજ્ઞાન એટલે શું ?

જીવ, જગત, ઈશ્વર, બંધન અને મોક્ષ - આ પાંચ તત્ત્વોનાં સ્વરૂપ અને તેમના અન્યોન્ય સંબંધોના સ્વરૂપની વિચારણા કરનાર શાસ્ત્ર તે તત્ત્વજ્ઞાન છે.

તત્ત્વજ્ઞાન ધર્મનો અને અધ્યાત્મનો બૌદ્ધિક આધાર છે, બૌદ્ધિક પાયો છે. આ સમગ્ર અસ્તિત્વના કોયડાને સમજવાનો પ્રયત્ન માનવી કરે જ છે. તેમાંથી બે ધારાઓ પ્રગટ થાય છે : વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન. બન્નેનાં સ્વરૂપ અને શૈલી ભિન્ન ભિન્ન હોવા છતાં બન્નેના હેતુ તો એક જ છે - અસ્તિત્વના સ્વરૂપની સમજ !

પ્રત્યેક ધર્મમાં આ પ્રયત્ન થયો જ છે અને તેથી પ્રત્યેક ધર્મને તત્ત્વજ્ઞાન પણ છે જ !

(૪) અધ્યાત્મ : અધ્યાત્મ એટલે પરમના સાક્ષાત્કારનું શાસ્ત્ર.

જીવન અને અસ્તિત્વનું એક કેન્દ્રસ્થ તત્ત્વ છે. આ પરમ તત્ત્વને પામવાની વિદ્યા તે જ અધ્યાત્મવિદ્યા છે. આ અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓની પણ વિદ્યા છે અને તેથી ભગવાન શ્રીકૃષ્ણ 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં કહે છે :

अध्यात्मविद्या विद्यानाम् । - શ્રીમદ્ ભગવદ્ગીતા : ૧૦-૩૨

''સર્વ વિદ્યાઓમાં હું અધ્યાત્મવિદ્યા છું.''

કર્મકાંડ ધર્મના હાથપગ છે, નીતિમત્તા ધર્મનો વ્યવહાર છે, તત્ત્વજ્ઞાન ધર્મનું મસ્તક છે અને અધ્યાત્મ ધરમનો આત્મા છે. ધર્મની કૃતાર્થતા શામાં છે? અધ્યાત્મમાં પર્યવસાન તે જ ધર્મની કૃતાર્થતા છે.

૪. જીવનનું સ્વરૂપ :

અસ્તિત્વનું એક સ્વરૂપ છે જીવન અને તદ્નુસાર અસ્તિત્વ અને જીવન ભિન્નભિન્ન નથી, એકાકાર છે.

જીવન અતિ રહસ્યપૂર્ણ અને અગાધ છે, તેથી જ કહેવાયું છે:

"Life is mystery and it is to remain a mystery forever."

''જીવન એક રહસ્ય છે અને તે સદાને માટે એક રહસ્ય જ રહેશે.''

માનવી સમગ્ર અસ્તિત્વનો એક અતિ નાનો, અતિ સૂક્ષ્મ, કહો કે સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાગ છે. સમગ્ર અસ્તિત્વમાં આપણી આ પૃથ્વી એક રજકણ સમાન છે, તો હવે કહો, સમગ્ર અસ્તિત્વમાં માનવી શું છે ?

તો હવે કહો : આ રજકણના પણ રજકણ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ આ માનવજંતુ સમગ્ર અસ્તિત્વને શું સમજી શકે ? કેવી રીતે સમજી શકે ? અને સમજી શકે તોપણ કેટલું સમજી શકે ? તેથી જ કહ્યું છે : આપણે માનવી માટે તો આ

જીવન અને આ અસ્તિત્વ અતિ રહસ્યપૂર્ણ છે અને અતિ અગાધ છે.

એક સમુદ્રના કિનારા પાસે સમુદ્રમાં બે માછલીઓ રહેતી હતી. સવાર-સાંજ સમુદ્રના કિનારે મનુના પુત્રો - માનવો ફરવા, ટહેલવા આવે અને સમુદ્ર વિશે વાતો પણ કરે : આજ સમુદ્ર શાંત છે, આજે સમુદ્ર તોફાની છે, આજે સમુદ્રમાં ભરતી છે, આજે સમુદ્રમાં ઓટ છે વગેરે. સમુદ્રની બન્ને માછલીઓ માનવોની આ સમુદ્ર-વિષયક વાતો દરરોજ સાંભળે.

એકવાર નાની માછલી મોટી માછલીને એક પ્રશ્ન પૂછે છે:

''દીદી ! સવાર-સાંજ આ માણસો અહીં ફરવા માટે આવે છે. તેઓ સૌ તેમની વાતોમાં વચ્ચે-વચ્ચે 'સમુદ્ર સમુદ્ર' એવું કાંઈક બોલ્યા કરે છે; આ સમુદ્ર શું છે?''

દીદી અર્થાત્ મોટી માછલી નાની માછલીને ઉત્તર આપે છે :

''બહેન ! માનવજાતને આવો લવારો કરવાની ટેવ છે. સમુદ્ર જેવું કાંઈ છે જ નહીં. સમુદ્ર તો એક અફવા છે. આપણે અફવાના ભોગ બનવું નહીં.''

સમુદ્રની માછલીઓ સમુદ્રમાં જ રહે છે અને સમુદ્ર વિશે આવું અને આટલું જાણે છે.

આપણે માનવો જીવનસમુદ્રનાં માછલાં છીએ અને

જીવનનાં રહસ્ય વિશે ખાસ કાંઈ જાણતા નથી.

ઠાકુર રામકૃષ્ણદેવ જીવનની રહસ્યમયતા સમજાવવા માટે એક ખૂબ સુંદર રૂપકકથા કહેતા :

''સત્ય તો સાકારનો પહાડ છે. જ્ઞાની પુરુષો કીડીઓ છે. કીડીઓ સાકરના થોડા કણ પોતાના દરમાં લઈ જાય છે, પરંતુ સાકરના આખા પહાડને કોઈ કીડી ઊંચકીને પોતાના દરમાં લઈ શકે નહીં. શુકદેવ કે શંકરાચાર્ય જેવા મોટા મકોડા થોડા વધુ કણ, થોડા મોટા કણ પોતાના દરમાં લઈ જાય, પરંતુ સાકરના આખા પહાડને તો કોઈ લઈ જઈ શકે નહીં.''

આ જીવન, અસ્તિત્વ અને તેના સ્વરૂપનાં સત્યને સમજવા માટે જ્ઞાની પુરુષો પણ સાકરના પહાડને ઊંચકીને પોતાના દરમાં લઈ જવા માટે પ્રયત્ન કરતી કીડીઓ જેવા છે!

આવું અગાધ છે જીવન, અસ્તિત્વ એ તેનાં સ્વરૂપનું સત્ય!

'ઋગ્વેદ'ના નાસદીય સૂક્તના અંતિમ બે મંત્રોમાં આ અસ્તિત્વની રહસ્યમયતાનું અદ્‌ભુત અને અપ્રતિમ વર્ણન છે. આ બન્ને મંત્રો આ પ્રમાણે છે:

को अद्धा वे क इह प्र वोचत् ।
कुत आजाता कुत इवं विसृष्टिः ॥
आर्वाग्देवा अस्य विसर्जनेनाऽथा ।
को वेद यत आबभूव ॥

– ऋग्वेद : १०-१२९-७

''આ સૃષ્ટિ ક્યાંથી આવી અને કઈ રીતે ઉત્પન્ન થઈ તે કોણ જાણી શકે અને કોણ કહી શકે ? દેવો પણ આ સૃષ્ટિ રચાયા પછી ઉત્પન્ન થયા છે, તેથી આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ તે કોણ જાણે છે ?''

इयं विसृष्टिर्यत आबभूव ।
यदि वा दधे यदि वा न ॥
यो अस्याध्यक्षः परमे व्योमन् ।
त्सो अङ्ग वेद यदि वो न वेद ॥

– ऋग्वेदः १०-१२९-७

''આ સૃષ્ટિ જેમાંથી આવિર્ભૂત થઈ છે તે પરમાત્મા પણ તેને ધારણ કરી રાખે છે કે નહીં ? પરમાકાશમાં અવસ્થિત આ સૃષ્ટિના પરમ અધ્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા આ સૃષ્ટિના રહસ્યને પૂર્ણતઃ જાણતા હશે કે તેઓ પણ નહીં જાણતા હોય ?''

નાસદીય સૂક્તના આ બે અંતિમ મંત્રોમાં જે તત્ત્વ સૂચિત થાય છે તે ખૂબ નોંધપાત્ર છે. આ બે મંત્રોમાં ત્રણ

તત્ત્વો સૂચિત થાય છે :

(૧) આ સૃષ્ટિની ઉત્પત્તિના રહસ્યને કોઈ જાણી શકે નહીં, દેવો પણ નહીં.

(૨) આ સૃષ્ટિને કોણ ધારણ કરી રાખે છે તે કોઈ જાણતું નથી.

(૩) આ સૃષ્ટિના જે પરમ અધ્યક્ષ છે તે પરમાત્મા પણ આ સૃષ્ટિના રહસ્યને જાણતા હશે કે નહીં ? અર્થાત્ સૃષ્ટિના રહસ્યને કોઈ જાણી શકે નહીં.

પ્રથમ દૃષ્ટિએ એમ જણાય છે કે આ મંત્રમાં પરમાત્માનાં સામર્થ્ય અને સર્વજ્ઞતા વિશે શંકા ઉપસ્થિત કરવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તેમ નથી. કવિતાની એક વ્યંજના હોય છે અને વેદનાં સૂક્તો તો કાવ્યો છે. વ્યંજનાને સમજીને જ કાવ્યના યથાર્થ તત્ત્વને પામી શકાય છે.

આ બન્ને મંત્રોમાં ઋષિ સર્વસમર્થ અને સર્વજ્ઞ પરમાત્માના સર્વસામર્થ્ય અને સર્વજ્ઞતા વિશે શંકા ઉપસ્થિત નથી કરતા, પરંતુ માનવીની અલ્પજ્ઞતા અને સૃષ્ટિની રહસ્યમયતા સૂચિત કરે છે. માનવી અર્થાત્ આપણે સૌ એટલા અલ્પજ્ઞ છીએ કે આ સૃષ્ટિના પરમ આધારની યથાર્થતા સમજી શકીએ નહીં અને વળી આપણે એટલા જ અલ્પજ્ઞ છીએ કે પરમાત્માની સર્વજ્ઞતાને પણ સમજી શકીએ નહીં. પરમાત્મા આ સૃષ્ટિનાં રહસ્યને સમજી શકતા હશે કે નહીં અને કયા સ્વરૂપે સમજતા હશે તે સમજાવાનો આપણી પાસે કોઈ ઉપાય નથી. પરમાત્મા સમજતા હશે કે નહીં તેવી શંકા અહીં નથી થઈ, પરંતુ પરમાત્માના પરમ જ્ઞાનને સમજવાની આપણી અશક્તિ અહીં અભિવ્યક્ત થઈ છે.

સૃષ્ટિની અગાધ રહસ્યમયતા અને માનવીની અલ્પજ્ઞતાને સૂચિત કરવાની આ એક કાવ્યાત્મક શૈલી છે. વળી સૃષ્ટિ નિરાધાર છે તેમ પણ અહીં કહ્યું નથી. અહીં એમ સૂચિત કર્યું છે કે તે આધારને આપણે પૂર્ણતઃ સમજી શકીએ નહીં.

અહીં અજ્ઞેયવાદ કે સંશયવાદ સૂચિત થાય છે તેમ પણ નથી. ઋષિ અજ્ઞેયવાદી કે સંશયવાદી નથી જ. ઋષિ તો સૃષ્ટિની અગાધ રહસ્યમયતાથી મુગ્ધ થઈ ગયા છે અને તે મુગ્ધતા આ મંત્રોમાં કાવ્યાત્મક શૈલીમાં અભિવ્યક્ત થઈ છે, તેમ સમજવું જોઈએ.

આ મંત્રો અજ્ઞેયવાદ કે સંશયવાદના પુરસ્કર્તા નથી, પરંતુ રહસ્યવાદના પુરસ્કર્તા છે.

આનો અર્થ એ થયો કે અસ્તિત્વમાં જે છે તેનો અતિ અલ્પ અંશ જ આપણે જાણી શકીએ છીએ અને જે જાણીએ છીએ અને તેનો પણ અતિ અલ્પ અંશ જ આપણે અભિવ્યક્ત કરી શકીએ છીએ.

હવે આપણી સમક્ષ લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે તો શું આપણે આ અસ્તિત્વ વિશે કાંઈ જ જાણી ન શકીએ ? કાંઈક તો જાણી જ શકીએ. માનવી જેનું નામ ! આ કાળા માથાના માનવીએ આ અસ્તિત્વનાં રહસ્યને ભેદી નાખવાની જાણે પ્રતિજ્ઞા કરી છે અને વિજ્ઞાન તથા અધ્યાત્મ - આ બે સમર્થ માધ્યમો દ્વારા આ અસ્તિત્વના, આ જીવનનાં કાંઈક રહસ્યને આપણે પામી શક્યા છીએ. જે અલ્પ આપણે જાણી શક્યા છીએ તેના આધારે આપણે આ સૃષ્ટિ વિશે કાંઈક થોડુંક કહેવા શક્તિમાન થયા છીએ. આ અલ્પ જ્ઞાનને આધારે આપણે જીવન અને અસ્તિત્વ વિશે કાંઈક નિયમો તારવી શક્યા છીએ.

તેના આધારે હવે સમજીએ.

જીવન શું છે ?

જીવન અભિવ્યક્તિ છે.

અભિવ્યક્તિ શું છે ?

જે અપ્રગટ છે તે પ્રગટ થાય તે અભિવ્યક્તિ છે. જે સુષુપ્ત છે તે જાગ્રત થાય તે અભિવ્યક્તિ છે. જે બીજરૂપ છે તે વૃક્ષરૂપ બને તે અભિવ્યક્તિ છે.

આ સમગ્ર અસ્તિત્વ, આ સમગ્ર સૃષ્ટિ, આ સમગ્ર જીવન અભિવ્યક્તિ છે. આ સમગ્ર અસ્તિત્વ અભિવ્યક્ત થઈ રહ્યું છે.



આ જીવન કોની અભિવ્યક્તિ છે ? આ સમગ્ર અસ્તિત્વ કોનામાંથી પ્રગટ થઈ રહ્યું છે ? આ જીવન કોનો પથારો છે ?

આ જીવન મહાચૈતન્યની અભિવ્યક્તિ છે. આ અસ્તિત્વ તે મહાચૈતન્યમાંથી પ્રગટ થઈ રહ્યું છે.

ઉપનિષદના ઋષિનું આ ઋતંભરા પ્રજ્ઞાથી થયેલું દર્શન છે. સામાન્ય બુદ્ધિથી આ અસ્તિત્વનાં રહસ્યો જોઈ ન શકાય, પરંતુ ઋતંભરા પ્રજ્ઞાથી અસ્તિત્વનાં કાંઈક-કાંઈક રહસ્યો પામી શકાય છે. તદ્નુસાર ઋષિનું આ દર્શન થાય છે.

आनन्दो ब्रह्मोति व्यजानात् । आनन्दाद्धयेव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति ॥ - तैत्तिरियोपनिषद : ३-६

''આનંદ બ્રહ્મ છે. આ પ્રકારે નિશ્ચિત સ્વરૂપ જાણો. આ આનંદસ્વરૂપ બ્રહ્મમાંથી આ સમગ્ર સૃષ્ટિ પ્રગટ થાય છે, પ્રગટ થયેલ છે. તે આનંદસ્વરૂપ બ્રહ્મ થકી જ જીવે છે અને પછી આનંદસ્વરૂપ બ્રહ્મમાં જ પ્રવેશ પામે છે.''

આમ, ઋષિદર્શન પ્રમાણે આ સમગ્ર અસ્તિત્વ, આ સમગ્ર સૃષ્ટિ, આ સમગ્ર જીવન મહાચૈતન્યની અભિવ્યક્તિ છે.

અભિવ્યક્તિની આ મહાન પ્રક્રિયા પૂરી થઈ ગઈ નથી. અભિવ્યક્તિની પ્રક્રિયા ચાલુ જ છે. સમગ્ર અસ્તિત્વ વધુ ને વધુ અભિવ્યક્ત થઈ રહ્યું છે.

અભિવ્યક્તિની આ મહાન પ્રક્રિયાને વિજ્ઞાનની ભાષામાં આપણે 'ઉત્ક્રાંતિ' કહીએ છીએ.

ઉત્ક્રાંતિની આ દીર્ઘકાલીન અને વિશાળ ઘટના દરમિયાન આ અસ્તિત્વમાં અપરંપાર અજીવસૃષ્ટિ અને જીવસૃષ્ટિ પ્રગટ થઈ છે. અહીં કરોડો બ્રહ્માંડ છે. અહીં બ્રહ્માંડમાં કરોડો નિહારિકાઓ છે. અહીં નિહારિકાઓમાં કરોડો સૂર્યો છે અને સૂર્યોને પણ ગ્રહો અને ગ્રહોને ઉપગ્રહો પણ છે. કરોડો બ્રહ્માંડો વિલિન થઈ ગયાં છે, કરોડો બ્રહ્માંડો વિલીન થઈ રહ્યાં છે, કરોડો બ્રહ્માંડો અસ્તિત્વ ધરાવે છે અને કરોડો બ્રહ્માંડો પ્રગટ થઈ રહ્યાં છે.

આ અસ્તિત્વમાં અજીવસૃષ્ટિની જેમ અપરંપાર જીવસૃષ્ટિ પણ પ્રગટ થઈ છે અને પ્રગટ થઈ રહી છે. અપરંપાર વનસ્પતિ સૃષ્ટિ, અપરંપાર દરિયાઈ સૃષ્ટિ, અપરંપાર પશુ-પક્ષી-સૃષ્ટિ પ્રગટ થઈ છે અને મહાચૈતન્યની સૃષ્ટિમાં તેનું શિરમોર સર્જન છે માનવી !

માનવી ઉત્ક્રાંતિની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે, પરંતુ માનવી ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન નથી. ઉત્ક્રાંતિની આ મહાન પ્રક્રિયા અટકી ગઈ નથી, ચાલુ છે અને અનવરત ચાલુ જ છે.

ઉત્ક્રાંતિના ક્રમે 'શરીર' પ્રથમ સોપાન છે. આ અન્નમય કોશ છે. ઉત્ક્રાંતિના ક્રમે 'પ્રાણ' દ્વિતીય સોપાન છે. આ પ્રાણમય કોશ છે. ઉત્ક્રાંતિના ક્રમે 'મન' તૃતીય સોપાન છે. આ મનોમય કોશ છે. માનવીના આ મનોમય કોશનો વિકાસ લગભગ ચરમ ભૂમિકાએ પહોંચ્યો છે.

હવે લાખ રૂપિયાનો પ્રશ્ન છે : હવે પછી શું ? ઉત્ક્રાંતિનું ભાવિ સોપાન કયું છે ? ઉત્ક્રાંતિનું ભાવિ સોપાન મનસાતીત છે, અર્થાત્ અતિમનસ છે.

આ અતિમનસ-ભૂમિકાની સિદ્ધિ કેવી રીતે થાય ? માનવી મનસાતીત ભૂમિકાના સોપાન કઈ સાધનાથી સિદ્ધ કરી શકે ?

તે સાધના છે અધ્યાત્મ ! આમ, ઉત્ક્રાંતિનું ભાવિ સોપાન 'અધ્યાત્મ' છે, અધ્યાત્મ જ છે !

માનવી સુધીની ઉત્ક્રાંતિની પ્રક્રિયા અભાન ઉત્ક્રાંતિ રહી છે. માનવેતર કોઈ પ્રાણીને ઉત્ક્રાંતિ-વિષયક કોઈ સભાનતા નથી, જાગૃતિ નથી, પરંતુ માનવીથી ઉત્ક્રાંતિનું સ્વરૂપ સભાન બને છે. માનવી હવે પોતાની ભાવિ ઉત્ક્રાંતિ વિશે સભાન, જાગૃત, અવધાનયુક્ત બન્યો છે. આનો અર્થ એમ થયો કે માનવી હવે પોતાની ભાવિ ઉત્ક્રાંતિને ઝડપી બનાવવા માટે, સુવ્યવસ્થિત અને સુસંવાદી બનાવવા માટે એક જાગૃત પુરુષાર્થ કરી શકે છે. ભાવિ ઉત્ક્રાંતિ માટે કયો છે આ જાગ્રત પુરુષાર્થ ? તે પુરુષાર્થનું નામ છે અધ્યાત્મ !

મનસાતીત ભૂમિકાનું નિર્માણ થવું - આ છે ભાવિ ઉત્ક્રાંતિનું સોપાન અને તે સોપાન સિદ્ધ કરવાની સાધના છે અધ્યાત્મ !

આમ, ઉત્ક્રાંતિના ક્રમમાં હવે આપણે એવી ભૂમિકાએ પહોંચ્યા છીએ, જ્યાંથી આગળ આપણી સમક્ષ છે - અધ્યાત્મ.



પ્રશ્નનો ઉત્તર

- સાધુ યજ્ઞાવલ્લભદાસ

હૃદયમાં વહી રહેલો પ્રેમપ્રવાહ જ્યારે ભગવાન તરફ વહે છે, ત્યારે તે ભક્તિમાં પરિણમે છે. હૃદયમાં ભક્તિ ઉદય પામે છે, ત્યારે સર્વ લૌકિક ભાવો તણાઈ જાય છે અને શુદ્ધ સાત્ત્વિક સ્નેહ શ્રીહરિને વિશે અખંડ રહે છે. ચિત્તની નિર્મળતામાં જ્યારે ભગવાન પ્રત્યે નિજભાવ ઉત્પન્ન થાય ત્યારે ભક્તિ પરિપક્વ બનતી જાય છે. એ નિજભાવનો જેમ જેમ વિકાસ થતો જાય તેમતેમ ભક્તિની અવસ્થા ઉત્તરોત્તર વિકસતી જાય છે. કોઈ પણ સંયોગમાં કે કોઈ પણ વિઘ્નોથી શ્રીહરિ પ્રત્યેનો પ્રેમ ઘટે નહીં તે સાચી ભક્તિનું ચિહ્ન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના સાધુઓનાં હૃદયમાં ભક્તિ પ્રબળ હતી. શ્રીહરિ પ્રત્યેનો નિજભાવ ઉત્તરોત્તર ચઢતો રહેતો. તેથી જ તો દર્શન વગર પળભર પણ ન રહી શકાતું. જેમનાં દર્શનથી જ સવાર-સાંજ થતી, જેમના સ્વરૂપમાં ઇન્દ્રિયો-અંતઃકરણ વિરામ પામતાં એવા શ્રીહરિના સાંનિધ્યમાં રહેવું સંતો માટે અનેરો અવસર રહેતો. છતાં ઇષ્ટદેવની આજ્ઞાથી સંતો દેશ-પરદેશમાં વિચરણ કરવા જતા. એક-બે કે છ-છ મહિના સુધી, વર્ષ સુધી શ્રીહરિનાં દર્શન ન થતાં. ત્યારે સંતોના હૃદયનો વિરહ માઝા મૂકતો. જેનાં ચરણમાં જીવન સમર્પણ કર્યું હતું અને જે જીવનપ્રાણ હતા એ પ્રભુનાં દર્શન વિના સંતોથી રહેવાતું નહીં, એ જ રીતે શ્રીહરિ પણ સંતો વિના રહી ન શકતા. લાંબા સમય પછી જ્યારે ભક્ત અને ભગવાન મળતા ત્યારે અરસપરસનો પ્રેમ પ્રગટ થઈ આવતો.

એક વખત મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી સિત્તેર ઉપરાંત સંતોને લઈને વિચરણ કરવા ગયા હતા. મહારાજનાં દર્શન થયા એને ખૂબ લાંબો સમય પસાર થઈ ગયો. સંતો મહારાજની આજ્ઞાની રાહ જોઈ રહ્યા હતા. એવામાં સમાચાર મળ્યા કે શ્રીહરિ ગઢપુરને વિશે શરદપૂર્ણિમાનો ઉત્સવ કરે છે અને સર્વ સંતોને તેડાવ્યા છે.

સંદેશો મળતા જ સંતોના પંડમાં પ્રાણ પૂરાયા. મુક્તાનંદ સ્વામી સર્વ સંતોને લઈને શ્રીજી મહારાજનાં દર્શન કરવા નીકળ્યા, પરંતુ અદ્‌ભુતાનંદ સ્વામીના જમણા પગમાં વાળો નીકળેલો. તેથી ચાલી શકાય તેમ ન હતું. છતાં તેઓ શ્રીહરિનાં દર્શનની ઉત્કંઠાથી ધીરે ધીરે ચાલતાં ચાલતાં એક પછી એક ગામ પસાર કરી રહ્યા હતા.

ભાલમાં ચોકડી ગામે પહોંચ્યા, ત્યાં રાત્રિ રહી સવારે સૌ સંતો ચાલવા તૈયાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામી આગલે દિવસે ચાલેલા તેથી પગમાં સોજો ચડી ગયો હતો. ચાલવામાં પણ મુશ્કેલી પડતી હતી. એટલે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! તમે અહીં રોકાઓ. હું બે સાધુ અને ગામના સત્સંગીઓને કહું છું, તે તમારી સેવા કરશે.''

ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું, ''સ્વામી ! હવે મહારાજનાં દર્શન વિના રહેવાય એમ નથી. તમે જો એક લાકડી મંગાવી આપો તો ખોડંગાતો ખોડંગાતો ધીરે ધીરે તમારી સાથે ચાલ્યો આવું.''

મુક્તાનંદ સ્વામીએ લાકડી મંગાવી દીધી. અદ્‌ભુતાનંદ સ્વામી લાકડીના ટેકે ટેકે ધીરે ધીરે સંતોની પાછળ ચાલતા રહ્યા. કુંડળ ગામ આવ્યા. કુંડળના રાઈબાઈ ખૂબ ભાવિક સત્સંગી હતાં. તેમણે ગાડું જોડાવી આપ્યું. અદ્‌ભુતાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી બન્ને ગાડામાં બેઠા. બીજા સંતો સાથેસાથે ચાલ્યા જતા હતા.

આ બાજુ ગઢપુરમાં શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. એ વખતે સભામાં કાઠી દરબારોએ શ્રીજી મહારાજને એવો પ્રશ્ન પૂછેલો કે, 'ભગવાનમાં જેને બહુ લગની હોય તેનાં કેવાં લક્ષણ

હોય?''

આ પ્રશ્નોત્તરી ચાલે છે ત્યાં મહારાજને ખબર મળ્યા કે, મુક્તાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી વગેરે સાઠેક સંતો દર્શન કરવા આવી રહ્યા છે.

આ પ્રશ્નનો ઉત્તર મહારાજે કર્યો નહીં અને ઘોડે બેસી સંતો સામે ગયા. મહારાજને સામે આવતા જોઈ મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી ગાડેથી ઊતર્યા અને દંડવત કરવા લાગ્યા. મહારાજે સર્વને રોક્યા. ગઢપુર તરફ ચાલતા થયા એટલે મહારાજની આજ્ઞાથી બંને સંતો ફરી ગાડામાં બેઠા.

મહારાજ ગાડા સાથે ઘોડી ચલાવતા હતા અને સંતો સાથે વાતો કરતા હતા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આજ કાઠી ભક્તોએ પ્રશ્ન પૂછ્યો કે, ભગવાનમાં જેને લગની હોય તેના લક્ષણ કેવાં હોય ?''

મુક્તાનંદ સ્વામી કહ્યું, ''મહારાજ ! આ અદ્‌ભુતાનંદ સ્વામીને પગે વાળો નીકળ્યો છે તેથી ચાલી શકાતું નથી. અમે ચોકડી ગામે રોકાઈ જવાનું કહ્યું પણ તેઓ રોકાયા નહીં. અમને કહે, 'સ્વામી ! બહુ દિવસથી મહારાજનાં દર્શન થયાં નથી, તેથી રહેવાતું નથી.' પછી તો સ્વામી ધીરે ધીરે ચાલી કુંડળ આવ્યા. ત્યાંથી ગાડે બેસી અહીં આવ્યા અને આપનાં દર્શન થયાં.''

ત્યારે મહારાજે કહ્યું, ''જેના આવાં લક્ષણ હોય, ત્યારે જાણવું કે એમને ભગવાનમાં બહુ લગની લાગી છે.''

પછી સૌ ઉતારે આવ્યા. થાળનો સમય થયો ત્યારે પ્રથમ મહારાજ જમ્યા અને થાળની પ્રસાદી મુક્તાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને આપી.

કાઠી ભક્તોને પોતાના પ્રશ્નનો ઉત્તર મળ્યો અને અદ્‌ભુતાનંદ સ્વામીના હૃદયમાં રહેલી ભક્તિનાં દર્શન થયાં.

પ્રસાદીનો મહિમા

ભગવાન શ્રીસ્વામિનારાયણને સાધુઓ ખૂબ વહાલા હતા. માટે જ મહારાજે સાધુઓને લાડ પણ ખૂબ લડાવ્યા હતા અને તાવ્યા પણ ખૂબ હતા. શ્રીજી મહારાજની સાધુઓની તાવણી પાછળનો હેતુ સાધુઓને જગતના કહેવાતા સુખોથી પર અલૌકિક સુખોના ભોક્તા બનાવવાનો હતો.

'મારો સાધુ દુઃખિયો ન રહેવો જોઈએ' એ શ્રીજી મહારાજનું તાન હતું. માટે જ જે વિષયોમાં દુઃખ રહેલું છે, એ વિષયો સાધુઓને ઝેર જેવા કરાવી દીધા હતા. અમૃતનું પાન કરનારા એ સંતોને ક્યારેય વિષયોરૂપી ખાટી છાસ પીવાનો સંકલ્પ જ નહોતો થતો, કારણ કે એ સાધુઓને શ્રીજી મહારાજ જેવા હતા તેવા જણાઈ ગયા હતા. માટે જ સંતો શ્રીજી મહારાજનાં દર્શન કરવા તડપતા, શ્રીજી મહારાજની પ્રસાદી મેળવવા ઝંખતા.

ઉત્સવ-સમૈયામાં, હરિભક્તોએ રસોઈ આપી હોય, મોટી સંખ્યામાં સંતો એકઠા થયા હોય, સંતો વિચરણમાં જવાના હોય, આવા સમયે શ્રીજી મહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધારતા. પંગતમાં વારંવાર ફરીને ભારે પ્રેમભાવથી સંતોને જમાડતા. પ્રેમાળ માતા જેમ પોતાના પુત્રને વહાલથી જમાડે એ રીતે શ્રીજી મહાપ્રભુ સંતોને પોતાના હાથે પીરસી જમાડતા. સામે સંતો પણ અતિશય મહિમા સમજીને પ્રસાદ આરોગતા. દેહને ખોટો કરીને સંતો મહારાજની પ્રસાદી જમવા બેસતા. સંતોનું આ ભોજન સ્વાદને વશ થઈને નહીં, પરંતુ પ્રસાદીના મહિમાથી થતું.

એક સમયે ગઢપુરમાં શ્રીજી મહારાજે સમૈયા પ્રસંગે દેશ-દેશાંતર ફરવા ગયેલા સંતોને તેડાવ્યા. મહારાજ સંતોને ખૂબ આનંદ આપતા હતા. દેશદેશના હરિભક્તો નિત્ય તરેહતરેહની રસોઈઓ આપતા અને મહારાજ કેડ બાંધી સંતોની પંક્તિમાં પીરસતા. ઉપરાંત દરબારગઢમાં મહારાજ સવાર-સાંજ સભામાં નવી નવી વાતો કરતા.

આ સમયે અદ્‌ભુતાનંદ સ્વામીને ખૂબ તાવ આવ્યો હતો. શરીરને સરખો આરામ મળે એ માટે મહારાજે સ્વામીને લક્ષ્મીવાડીએ રહેવાનું કહ્યું હતું. જ્યારે સ્વામીને તાવ ઊતરતો ત્યારે જ સ્વામીથી વાડીએથી દરબારગઢમાં મહારાજનાં દર્શન કરવા આવી શકાતું. તેથી સ્વામીને સંકલ્પો થતા કે, 'અરે ! આ તાવ ક્યાંથી આવ્યો ! મહારાજ બહુ જ સરસ વાતો કરે છે તે સાંભળવા આવી શકાતું નથી. ઉપરાંત મહારાજ સંતોને પીરસે છે, તે આ તાવને લીધે મહારાજનાં હાથની પ્રસાદી પણ લઈ શકાતી નથી.'

જો સ્વામી સભામાં આવી વાતો સાંભળે કે પંગતમાં જમવા બેસે તો મહારાજ ઠપકો આપે. આવી બીકથી સ્વામીએ પાંચ દિવસ સુધી મહારાજને પંક્તિમાં પીરસતા જોયા, પણ સ્વામી જમવા બેઠા નહીં. સ્વામીને મહારાજના હાથની પ્રસાદી જમવાની પ્રબળ ઇચ્છા હતી. છેવટે સ્વામીએ પ્રસાદી મેળવવાના લોભે નિર્ણય કર્યો કે, 'આજે પંક્તિમાં જમવા બેસવું છે અને મહારાજ ઠપકો આપે તો સાંભળી લેવો.' આવા સંકલ્પ સાથે લક્ષ્મીવાડીએથી સ્વામી દાદા ખાચરના દરબારમાં આવ્યા. દરબારમાં સાધુઓને જમવાની પંક્તિ થઈ હતી અને મહારાજ કેડ બાંધી પીરસવાની તૈયારી કરતા હતા. અદ્‌ભુતાનંદ સ્વામી તરત પત્તર લઈ સાધુની પંક્તિમાં જમવા બેસી ગયા.

પીરસવાનું શરૂ થયું. મહારાજ સંતોને લાડુ પીરસવા લાગ્યા. પીરસતાં પીરસતાં મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામીના પત્તરમાં મહારાજે બે લાડુ મૂક્યા અને આગળ નીકળી ગયા. સ્વામી ધીરેધીરે અહોભાવથી પ્રસાદી જમવા લાગ્યા. થોડી વાર થઈ ત્યાં મહારાજ બીજી વાર પીરસવા આવ્યા. સ્વામીને બે લાડુ આપ્યા, સ્વામી તે પણ જમી ગયા. ત્રીજી વાર ફરતાં ફરતાં મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે સ્વામીએ ના પાડી. મહારાજે કહ્યું, ''સ્વામી ! તમારી આંખો બે લાડુ માગે છે.'' એમ કહી સ્વામીને બે લાડુ પીરસ્યા.

ચોથી વાર મહારાજ પંક્તિમાં કહેતા જાય કે, 'બે લાડુ લે તેને ચરણારવિંદ આપીએ.' ત્યારે ચરણારવિંદના લોભે સ્વામીએ બે લાડુ લીધા. પાંચમી વાર મહારાજ કે, 'એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપીએ અને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપીએ.' એમ સાધુઓને ચરણારવિંદ આપતાં આપતાં મહારાજ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવીને બોલ્યા, ''આ માંદો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપીએ.'' ત્યારે સ્વામીએ એક લાડુ લીધો. પછી છઠ્ઠી વાર મહારાજ પંક્તિમાં પીરસતા કહેતા જાય કે, ''એક લાડુ લે તેને બે ચરણારવિંદ આપવાં.'' અદ્‌ભુતાનંદ સ્વામી પાસે આવ્યા અને કહ્યું, ''આ માંદો એક લાડુ લે તો બે ચરણારવિંદ આપવા અને માથે બે હાથ મૂકવા.''

ત્યારે સ્વામીએ એક લાડુ લીધો અને તુરત જ જમી ગયા. એટલે મહારાજે એક પછી એક એમ બન્ને ચરણારવિંદ સ્વામીના મસ્તક ઉપર મૂકીને કહ્યું, ''હાથ એઠા છે તે ધોઈને માથા પર મૂકશું.''

ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ ! એઠા ને એઠા હાથ મારા પર મૂકો. ધર્મના કામમાં ઢીલ નહીં.''

આ સાંભળી મહારાજ હસવા લાગ્યા અને ઘી વાળા બે હાથ સ્વામીના માથા પર મૂક્યા. આ દૃશ્ય જોઈને રઘુવીરજી મહારાજ બાજુમાં ઊભા હતા તે બહુ હસવા લાગ્યા. મહારાજ પણ હસતાં હસતાં હાથ ધોઈને ઓસરીની કોરે બેઠા.

અહીં સ્વામીની સ્થિતિને ન જાણનારાને, સ્વામીના ત્યાગ-વૈરાગ્ય અને અનાસક્તભાવને ન ઓળખનારાને સ્વામી સ્વાદને વશ થઈ જમતા હોય એવું લાગે, પરંતુ સ્વામીના જીવન ઉપર દૃષ્ટિ કરીએ ત્યારે ખ્યાલ આવે કે મોટા મોટા રજવાડાંઓમાં ન લોભાનાર, સ્ત્રી-દ્રવ્યમાં આસક્ત ન થનાર, ભોજનમાં આસક્ત થાય ખરા ?! સ્વામી ભારે તપસ્વી હતા. હંમેશાં સાદું ભોજન જમતા. કોઈના આગ્રહને વશ થઈને પણ મિષ્ટાન તો જમતા જ નહીં. રસના ઇન્દ્રિય ઉપર સ્વામીએ પૂરો કાબૂ મેળવ્યો હતો. એટલે એમને ખાવા-પીવાની કોઈ આસક્તિ કે લોલુપતા ન હતી. અનેક મહા મુશ્કેલીઓ અને લાલચોમાંથી પસાર થયેલા આ સિદ્ધપુરુષ હતા. અહીં એમની દૃષ્ટિ મિષ્ટાન તરફ ન હતી, શ્રીજી મહારાજના હાથના સ્પર્શવાળા લાડુ ઉપર હતી. જે પ્રસાદી પ્રસાદી ભવ-બ્રહ્મા જેવા દેવોને પણ મહા દુર્લભ છે, એ પ્રસાદી સ્વામી જમી રહ્યા હતા.

ચંદ્રાવળા - ત્રિભુવનભાઈ વ્યાસ

દરવાણી

સંત પ્રભુના દરવાણી છે -
ન હોય એ ભગવાન,
પ્રભુની ગાદી એને દેવી એ
-ઘણીનું છે અપમાન
ઘણીનું છે અપમાન તે કેવું ?
પતિવ્રતાપણું લજવે એવું.
કહે કોવિદરામ રાખજો જાણી
સંત પ્રભુના છે દરવાણી
ન હોય એ ભગવાન.

મંદિર ભગવાનનું ઘર છે. સંત એ ઘરના દરવાન છે. સંત ભગવાનના પહેરેગીર છે. આપણે દરવાનને જ માલિક બનાવી દીધા એ સૌથી મોટી ભૂલ છે. સંતનું કામ ભગવાનની મુલાકાત ગોઠવી આપવાનું છે.

એ લાયક માણસને ભગવાન સુધી લઈ જવાનું કામ કરે છે, પરંતુ એ ભગવાન નથી. ભગવાનની ગાદી સંતને આપવી અર્થાત્ સંતને જ ભગવાન માનવા એ પતિવ્રતા નારી કોઈ પરપુરુષને પોતાનો પતિ બનાવે એવી ઘટના છે.

મીરાબાઈ નાના હતા ત્યારથી ગિરધર વરને વરી ચૂક્યા હતા, તો મેવાડની મહારાણીનું પદ છોડીને કૃષ્ણભક્તિના પદ લખ્યાં. એમણે રાજપાટ છોડીને રઝળપાટ પસંદ કર્યો, પરંતુ અંતે કૃષ્ણને પામીને રહ્યા. એમ આપણો સાચો વર તો હજાર હાથવાળો હરિ છે.

આપણે ઈશ્વરને છોડી ઈશ્વરના ટપાલી સાથે પરણી જઈએ, એ તો એક ભવમાં બે ભવ કરવા જેવું કૃત્ય છે. આપણો સંદેશ ઈશ્વર સુધી પહોંચાડવા માટે તથા ઈશ્વર સાથે આપણો મેકઅપ કરાવવા માટે સંતનું હોવું અત્યંત જરૂરી છે. પરંતુ સંત ઈશ્વરના દરવાણી છે એ ઈશ્વર નથી, એ સનાતન સત્ય જો યાદ રહે તો ધર્મજગતની ઘણી ભ્રમણાઓ અને ભ્રાંતિઓ ભાંગી શકે એવું છે.

સત્સંગ ક્વિઝ - ૫



આડી ચાવી

૧. ઘનશ્યામ મહારાજના મોટા ભાઈ. 7

૬. ઉત્તમ ..... અતિ જતને ઘેર રાખ્યા સહજાનંદ હરિ. 2

૭. મરી જાવું રે ..... માયા કુટુંબ મેલીને 2

૮. હેતના ટેભા લઈને મહારાજ માટે ડગલી બનાવનાર દરજી. 4

૧૦. શ્રીજી મહારાજનું એક નામ. 5

૧૨. ..... ધન તૃણ સમ પર હરે મુક્તાનંદ ગુરુ મોજ સે હારે હો મોહસે ન હટાવે રે. 2

૧૪. મોટી નદી, મોટું તળાવ, સમુદ્ર. 2

૧૫. મહારાજનાં ડાબા ચરણારવિંદનું એક ચિન્હ. 2

૧૬. મહારાજ, સંતો અને ભક્તોને ભાવથી જમાડેલ તેવા ડાંગરવા ગામના સ્ત્રી ભક્તરાજ. 4

૧૯. વિત્ત સારું વઢી ..... રંક નારી નર, સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં જેનો નિવાસ છે. 2

૨૦. જેને જડભરતે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો તે રાજા. 4

૨૨. સખી ભાદરવામેં ..... ભૂધર સંગ ભેટવા સખી મુને ક્યારે મળશે માવ. 2

૨૩. જે ઠેકાણે .....તપ, વ્રત, ધ્યાન એ આદિક સુકૃત દિન-દિન વૃદ્ધિ પામે તેને નૈમિષારણ્યક ક્ષેત્ર જાણવું. (વચ.સા.7) 2

૨૪. સુપ્રસિદ્ધ હનુમાનજી દાદાનું ધામ. 5

૨૫. ગાઢ અંધકાર. 3

ઉભી ચાવી

૧. ગામ ખોરાસાનાં એક ભક્તરાજ. 5

૨. વડોદરાના નાથભક્તના સત્સંગથી ભક્ત બનેલા ભક્ત 4

૩. માવ મળ્યા તન ..... ટળ્યા, આજ એકાદશી માવ મળ્યા. 2

૪. સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીનું બીજું નામ. 5

૫. ત્રણ તત્ત્વ અનાદિનાં છે તે માહેલું એક. 2

૭. હે મહારાજ..... કોધ લોભ મોહ અહંકાર એ આદિક અંતઃ શત્રુથી મારી રક્ષા કરજો. (ગ.પ્ર.પ્ર.48) 2

૮. મહારાજનાં હાથ ગોઠણ સુધી લાંબા હતા જે થી મહારાજ..... કહેવાતા. 5

૯. બોલાવવું, કહેવું . 2

૧૧. છપૈયામાં ઘનશ્યામ મહારાજે મરેલ માછલાને જીવતા કરેલા તે સરોવર. 6

૧૩. ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે ..... ન મળે. 3

૧૭. પુરુષનું શરીર. 4

૧૮. ભાદરવા મહિનામાં ઉજવાતો એક મોટો ..... તહેવાર. દરેક શુભકાર્યમાં પૂજાતા દેવ. 4

૧૯. ..... વચસા વપુષા ચ હરે, ભવ તસ્મ વયમ્ । 3

૨૧. ચલે ..... બેઠક મહારાજા, બોલત જય ચોપદાર બજત હૈ બહુ બાજા. 2

૨૨. ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે ધન ધાન્યાદિક તે થકી દશમો ..... કાઢીને શ્રીકૃષ્ણભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીસમો ..... અર્પણ કરવો.

સત્સંગ ક્વિઝ - 4 ના જવાબ

1. ગો	પા	ળા	2. નં	દ	■	3. મુ	ળ	4. જી
પી	■	■	દ	■	5. મા	ળો	■	વા
6. ના	ગ	7. દા	ન	■	ત	■	8. સ	ખા
થ	■	મો	■	9. વૈ	રા	ગ્ય	■	ચ
■	10. વિ	દ	શા	■	ધા	■	11. વિ	ર
12. વિ	દુ	ર	■	■	ધ	■	વે	■
13. ખ	ર	■	14. અ	15. નિ	લ	■	16. કા	17. મ
■	18. નિ	19. ત્યા	નં	દ	■	20. વિ	નં	તી
21. ને	તી	ગ	ત	■	22. મુ	રા	દ	■

સાચા જવાબ આપનારનાં નામ

૧. ચંદ્રિકાબેન વી. પટેલ મેમનગર, અમદાવાદ
૨. ખુશી કૌશલ પટેલ મેમનગર, અમદાવાદ
૩. ભાવનાબેન વિનુભાઈ દુધાત, વાપી.
૪. કોકિલાબેન મનુભાઈ પટેલ, ચાંદલોડીયા, અમદાવાદ.
૫. કાચા પરષોત્તમ હિરાલાલભાઈ, ધોરાજી
૬. હેત્તલબેન ઘનશ્યામભાઈ ખુંટ, ફાટસર.
૭. ભુપેન્દ્રભાઈ જશભાઈ પટેલ, સિંજીવાડા
૮. રવિભાઈ નવનીતરાય સોની, બોટાદ.
૯. કલ્પનાબેન કલ્પેનભાઈ પટેલ, વસ્ત્રાપુર, અમદાવાદ
૧૦. ધનબાઈ શિવજી ભંડેરી, મીરજાપર, કચ્છ
૧૧. ઇશાબેન પાર્થભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ.
૧૨. રેખાબેન ઘનશ્યામભાઈ પટેલ, મેમનગર, અમદાવાદ
૧૩. ચારુબેન ભદ્રેશભાઈ ઠક્કર, ઘાટકોપર, મુંબઈ.

નોંધ-જે હરીભક્તો તા. 14 પહેલા સાચા જવાબનો ફોટો મો. 9586015551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.

સમાચાર દર્શન

જ્ઞાનસત્ર - ૪૯

ભગવાન શ્રી સ્વામિનારાયણની સત્સગ, કથાશ્રવણ અને ભક્તિ પરંપરાનું વહન કરવાના દિવ્ય ઉદ્દેશથી, પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આજથી ૪૯ વર્ષ પૂર્વે અમદાવાદ ગુરુકુલ ખાતે જ્ઞાનના અખાડા સમાન જ્ઞાનસત્રનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. આજે એ જ પવિત્ર પરંપરાને પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી પૂરી નિષ્ઠા અને સમર્પણ ભાવ સાથે આગળ ધપાવી રહ્યા છે. તાજેતરમાં, ૨૫ થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ ખાતે ૪૯મા જ્ઞાનસત્રનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેમાં હરિભક્તો અને વિદ્યાર્થીઓએ ધર્મ, જ્ઞાન અને સેવાની અલૌકિક અનુભૂતિ પ્રાપ્ત કરી હતી.

આ જ્ઞીન સત્રનો પ્રારંભ ભક્તિમય ૪૯ કલાકની અખંડ ધૂન સાથે થયો, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા અને ભક્તિના પ્રવાહમાં તરબોળ થયા. ધૂનની પૂર્ણાહુતિ બાદ, પોથીયાત્રાનું આયોજન થયું, જેમાં સંતો અને ભક્તોએ પોથીજીને ભાવપૂર્વક વધાવી. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે વ્યાસપૂજન કરીને સત્સંગિજીવનની કથાનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો.

વ્યાસપીઠ ઉપરથી ગુરુવર્ય પૂજ્ય સ્વામીજીના શબ્દોમાં જાણે જ્ઞાનનો પ્રવાહ વહી રહ્યો હતો. પ્રથમ જ્ઞાનસત્રથી લઈને ૪૯મા જ્ઞાનસત્ર સુધીની સુદીર્ઘ કથાશ્રવણ પરંપરાનું સ્મરણ કરાવતા પૂજ્ય સ્વામીજીએ સત્સંગિજીવનની કથાના માધ્યમથી ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક સિદ્ધાંતો અને લોકકલ્યાણકારી લીલાચરિત્રોનું સુંદર છણાવટ સાથે શ્રવણ કરાવ્યું હતું. સાથે સાથે પૂજ્ય શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી અને શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામીએ સત્સંગિજીવનની કથા સરવાણી વહાવી. પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી પણ દરરોજ વ્યાસપીઠ પર બિરાજમાન થઈ કથાનો લાભ આપતા, જેનાથી ભક્તોના હૃદયમાં અનેરો આનંદ અને ઉલ્લાસ છવાઈ ગયો. અભ્યાસ કરનારા સંતોએ નિત્ય શિક્ષાપત્રીના વિષયો ઉપર મનનીય પ્રવચનો કર્યા હતા.

આ જ્ઞાનસત્ર દરમિયાન વિશેષ આયોજન તરીકે આગામી સમયમાં વડતાલ ખાતે યોજાનાર શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્વભૂમિકા સ્વરૂપે યોજાયેલ સત્રો હતા. આ સત્રોમાં યુવાન સંતોએ શિક્ષાપત્રીના ગહન વિષયો પર મનનીય અને પ્રેરણાદાયક વ્યાખ્યાનો આપી યુવાપેઢીને ધર્મ અને સંસ્કૃતિના મૂલ્યોથી પરિચિત કરાવ્યા. આ સત્રને વિશેષ ગૌરવ બક્ષતા ગુજરાતી સાહિત્યના ત્રણ મુર્ધન્ય વક્તાઓ - શ્રી ભદ્રાયુ વચ્છરાજાની, શ્રી અંકિત ત્રિવેદી અને શ્રી રાજેન્દ્ર શુક્લ - દ્વારા વિશેષ વ્યાખ્યાનો આપવામાં આવ્યા, જેનાથી જ્ઞાન અને સાહિત્યનો સુમેળ સંગમ સધાયો. આ પ્રસંગે વડતાલધામના ચેરમેન ડો. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી અને સારંગપુરથી વિવેકસાગરદાસજી સ્વામીએ પણ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

જ્ઞાનસત્ર દરમિયાન 'ગૌરી પૂજન'ના શુભ પ્રસંગે, ૧૦૮ દીકરીઓને શિક્ષણમાં સહાયભૂત થવા માટે વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી. પૂજ્ય સંતોના આશીર્વાદથી, આ દીકરીઓના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો એક ભગીરથ પ્રયાસ દર વર્ષે પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી કરવામાં આવે છે. આ સેવાકાર્યમાં ગુરુકુલમાં અભ્યાસ કરીને જીવનમાં સફળ થયેલા વિદ્યાર્થીઓ અને ભક્તજનો તથા બહેનો ભક્તો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાસહાયમાં ઉમદા સહયોગ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મહિલા સત્સંગ સભાનું પણ આયોજન થયું, જેમાં સાંખ્યયોગી બહેનોએ કથાવાર્તાનો લાભ આપી મહિલા ભક્તોને ભક્તિમાર્ગે આગળ વધવા પ્રેરણા આપી. રાત્રિ કાર્યક્રમોમાં ઠાકરથાળી અને લોકસાહિત્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું, જેણે ભક્તિ, કલા અને લોકસંસ્કૃતિના અનોખા સમન્વયનો અનુભવ કરાવ્યો.

જ્ઞાનસત્રની પૂર્ણાહુતિ પ્રસંગે, પૂજ્ય સંતો દ્વારા યજમાન પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ૪૯મો જ્ઞાનસત્ર જ્ઞાન, ભક્તિ, સેવા, અને સંસ્કૃતિના સુભગ સમન્વય સાથે ભક્તોના હૃદયમાં અવિસ્મરણીય સ્મૃતિઓ છોડી ગયો.

CBSE Cluster XIII

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા ખાતે SGVP ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા CBSE Cluster XIII સ્તરની ભવ્ય એથલેટિક્સ અને બેડમિન્ટન ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માત્ર એક રમતગમતનો કાર્યક્રમ નહોતો, પરંતુ પશ્ચિમ ભારતના યુવા ખેલાડીઓ માટે તેમની પ્રતિભા દર્શાવવાનો એક ભવ્ય મંચ હતો. ૫ થી ૧૪ ઑગસ્ટ, ૨૦૨૫ દરમિયાન યોજાયેલી આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ, ૨૦૦ કોચ અને ૧૫૦થી વધુ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ટૂર્નામેન્ટનો ઉદ્ઘાટન સમારોહ પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીની અધ્યક્ષતા યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મિનિસ્ટર જયેશભાઈ રાદડિયા અને ફાલ્કન પંપ્સના ડિરેક્ટર કમલનયન સોજિત્રા જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ટૂર્નામેન્ટમાં એથલેટિક્સ અને બેડમિન્ટનની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં દોડ, લોંગ જમ્પ, હાઈ જમ્પ, થ્રો ઈવેન્ટ્સ અને બેડમિન્ટનના રોમાંચક મુકાબલાઓએ ખેલપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. દરેક ખેલાડીઓએ શિસ્ત અને ખેલદિલીનો પરિચય આપ્યો હતો.

આ અદ્ભુત પ્રદર્શનના અંતે વિજેતાઓને મેડલ અને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વિજેતા ખેલાડીઓ હવે આગામી CBSE નેશનલ ગેમ્સમાં વેસ્ટ ઝોનનું પ્રતિનિધિત્વ કરશે, જે માત્ર તેમના માટે જ નહીં, પરંતુ તેમના પરિવાર, શાળા અને સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે. આ ભવ્ય આયોજનની સફળતા પાછળ CBSE અધિકારીઓ, સ્કૂલ મેનેજમેન્ટ, કોચ, રેફરી, સ્ટાફ અને સ્વયંસેવકોની અથાક સેવાનો મહત્વનો ફાળો રહ્યો હતો. ગુરુવર્ય પૂજ્ય સ્વામી અને પુરાણી સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી દ્વારા આ તમામ સહયોગીઓને શુભાશીર્વાદ પાઠવવામાં આવ્યા.

સંસ્કૃતિ સંવર્ધન સન્માન સમારોહ

ભારતીય કલા અને સાંસ્કૃતિક સંપદાઓનું જતન અને સંવર્ધન કરતી સંસ્થા 'કલાતીર્થ ટ્રસ્ટ' દ્વારા તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિસ્થાનષ્ઠામ્ SGVP અમદાવાદ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પાવન ઉપસ્થિતિમાં તથા ગુજરાત રાજ્યના પૂર્વમુખ્ય સચિવ પી.કે. લહેરીસાહેબના અધ્યક્ષ સ્થાને એવોર્ડ અર્પણ સમારોહ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્ષોથી ઇતિહાસ અને પુરાતત્વવિદ્ તરીકે કાર્યરત રહીને ભારતીય કલા, શિલ્પો, સ્થાપત્યો, દેવાલયોને ઉજાગર કર્યો છે તેવા ૧૦ કલાસાધકોને શ્રીમતી પન્નાબેન રસિકલાલ હેમાણી પુરસ્કૃત રોકડરાશિ સાથે 'સંસ્કૃતિ સંવર્ધક સન્માન- ૨૦૨૫' શાલ અર્પણ કરીને અર્પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે કલાતીર્થ ટ્રસ્ટના અધ્યક્ષ રમણીક ઝાપડિયાએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે નવી પેઢી ભારતીય કલા અને સાંસ્કૃતિક સંપદાનું સંવર્ધન કરતી થાય, આ દિશામાં કાર્યરત બનીને સંશોધન ક્ષેત્રે આગળ વધી શકે તેવા શુભ આશયથી 'કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન પ્રકલ્પ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિજેતા વિદ્યાર્થીઓને 'કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન -૨૦૨૫' ના માનપત્ર સાથે શ્રીમતી પન્નાબેન રસિકલાલ હેમાણી પુરસ્કૃત રોકડ પુરસ્કારો ઉપસ્થિત મહાનુભાવના હસ્તે એનાયત કરવામાં આવ્યા

આ પ્રસંગે ૧૩ સંશોધન લેખોનુ દસ્તાવેજીકરણ આ પ્રકલ્પના મુખ્ય સંયોજક અને ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્ય સર્જક, સંશોધક, લેખક નિસર્ગ આહિર દ્વારા સંપાદિત 'કલા-અન્વેષણા' સંશોધનગ્રંથ સાથે 'અક્ષરયાત્રા- ધન્ય ધરોહર' (ડાયરી)નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સમારંભમાં વી.એસ. ગઢવી સાહેબ, કુમારપાળ દેસાઈ તથા જાણીતા ઉદ્યોગપતિ દેવેન્દ્રભાઈ શાહ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા વગેરે મુર્ધન્ય સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પુરસ્કાર દાતા શ્રીમતી પન્નાબેન હેમાણી, ભગિની દક્ષાબેન લાલસોદાગર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ભાવનગરની માઈક્રોસાઈનના એમ.ડી. નિશિત મહેતા, સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ- જીતેન્દ્રભાઈ મોદી, મૌની ઈન્ટરનેશનલ સ્કૂલના જે. બી. પટેલ, સુરત. મુંબઈના અગ્રણી ઉદ્યોગપતિ અરવિંદ ગડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઇતિહાસવિદ નરેશ અંતાણી, સંજય ઠાકર વગેરેએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે

જળઝીલણી મહોત્સવ

તારીખ : 3 સપ્ટેમ્બર, ૨૦૨૫ બુધવાર

ભગવાન શ્રીહરિને જળમાં ઝીલાવવા, સંતોના મુખે કથા શ્રવણ કરવા,
વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા ભક્તજનોને ભાવભર્યું આમંત્રણ

શ્રદ્ધાસુમન



અ.નિ. પરમ પૂજ્ય શ્રી ધર્મકિશોરદાસજી સ્વામી :- રાજકોટ ગુરુકુલમાં રહી વર્ષો સુધી સેવાપરાયણ જીવન જીવનારા પૂજ્ય ધર્મકિશોરદાસજી સ્વામી તા. ૩, ઓગષ્ટના રોજ ભગવત્ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. પૂજ્ય સ્વામી ભજન-ભક્તિ-સેવાથી નિરંતર અભરે ભરેલા રહેનારા. પૂજ્ય દેવકૃષ્ણદાસજી સ્વામીની અંગત સેવા કરીને ખૂબ રાજીપો મેળવ્યો હતો. ખૂબ સારાં કીર્તન બોલી મહારાજને રીજવતા રહેતા, ગાયોની સેવા કરવામાં પણ ભારે શ્રદ્ધા. ક્યારેય કોઈની સાથે રાગ-દ્વેષ નહીં, કેવળ સેવા અને ભજનને પોતાના અંગમાં વણી લીધા હતા. આવા સદ્‌ગુણોથી ભરેલા સંતના અક્ષરવાસથી ગુરુકુલ પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિના ચરણોમાં વિરાજમાન પૂજ્ય ધર્મકીશોરદાસજી સ્વામીના જીવનમાં રહેલા સદ્‌ગુણો આપણે કેળવી શકીએ એ જ પ્રાર્થના.



અ.નિ. શ્રી ઝીણાભાઈ જેરામભાઈ વાડદોરિયા :- ગામ ફાટસર નિવાસી તથા ભગવાન શ્રીહરિના એકાંતિક ભક્ત શ્રી ઝીણાભાઈ વાડદોરિયા તા. ૧૧ ઓગષ્ટના ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. ભજન-ભક્તિથી ભરેલા અને ઈષ્ટદેવ તથા ગુરુદેવમાં અપર નિષ્ઠા. ઝીણાભાઈએ સેવા-ભજન કરી સદ્‌ગુરુ સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો. દ્રોણેશ્વર ગુરુકુલમાં ભગવાનની સામે બેસી ખૂબ ભજન કર્યું. ઝીણાબાપાનો પરિવાર પણ ગુરુકુલ સાથે જોડાઈને ખૂબ સેવા અને ભજન કરે છે. ભગવાન શ્રીહરિ ઝીણાબાપાના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા ગણેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી દુર્લભભાઈ નાથાભાઈ કોટડિયા :- ગુરુકુલ પરિવારના સેવક પરિવારના સભ્ય દુર્લભભાઈ તા. ૨૨ જલાઈ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે તથા ગુરુકુલમાં અપાર સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ દુર્લભભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

અ.નિ. મુકેશભાઈ મનજીભાઈ સીયાણી, બોલ્ટન
પ.ભ. શ્રી જય અશ્વિનભાઈ ભટ્ટ, ભરૂચ
શ્રી દર્શ પટેલ, SGVP હોસ્ટેલ
શ્રી નૈતિક સાકરીયા, SGVP હોસ્ટેલ
પ.ભ. શ્રી માણેકલાલ ચતુરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી સાહિલ યોગેશભાઈ પટેલ, ઝુંડાલ
અ.નિ. શ્રી કાન્તિભાઈ ગાંધી,
હ. સુપુત્રી - નિલાબેન, મુંબઈ
પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ શાહ, મુંબઈ
પ.ભ. શ્રી કનુભાઈ પટેલ, ઝુંડાલ

આગામી આયોજન

તા. ૦૧/૦૯/૨૫, સોમવાર : **શ્રીહરિ જયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૩/૦૯/૨૫, બુધવાર : **જળઝીલણી એકાદશી,** સવારે ૮:૩૦ કલાકે જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ
તા. ૦૭/૦૯/૨૫ : રવિવાર : **પુર્ણિમા - ચંદ્રગ્રહણ** : સ્પર્શ સાંજે ૮:૫૮ કલાકે, મોક્ષ સવારે ૨:૨૫ કલાકે.
તા. ૧૭/૦૯/૨૫, બુધવાર : **ઈન્દિરા એકાદશી**
તા. ૨૨/૦૯/૨૫, સોમવાર : **નવરાત્રી પ્રારંભ :**

CBSE દ્વારા આયોજિત એથલેટીક તથા બેડમિન્ટન ટૂર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત સંતો તથા મહાનુભાવો
આ ટૂર્નામેન્ટમાં પંદરસોથી વધારે સ્પર્ધકોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓ ઇનામ વિતરણ, રીબડા ગુરુકુલ

યુગાન્ડા-કંપાલા ખાતે સહજાનંદ સ્કુલમાં સ્વતંત્રતા પર્વ પ્રસંગે ધ્વજ વંદન કાર્યક્રમમાં
ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ

પૂજ્ય સ્વામીજી યુગાન્ડાના સંસદ ભવનની મુલાકાતે પધારતા
ડેપ્યુટી સ્પીકર થોમસ તૈયબ્વાજી દ્વારા સ્વાગત

જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત
વિશાળ સંખ્યામાં ભક્તજનો, સવાનાહ ગુરુકુલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

જ્ઞાનસત્ર - ૪૯ પ્રસંગે આયોજિત પોથીયાત્રા, શિક્ષાપત્રી સત્રમાં ઉપસ્થિત સંતો-મહાનુભાવો, કથા શ્રવણ કરાવતા પૂજ્ય સ્વામીજી પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી. ઉપસ્થિત યજમાન પરિવાર તથા વિદ્યાસહાય પ્રાપ્ત કરનારી દીકરીઓ. અમદાવાદ ગુરુકુલ

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/– પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/–